नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૯

# અનુત્તરોપપાતિકદશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ- ૯

**नमो नमो निम्मलदंसणस्स**

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૯) અનુત્તરોપપાતિકદશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

| ४५ आगम वर्गीकरण | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૯ 'અનુત્તરોપપાતિકદશા'

## અંગસૂત્ર- ૯ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૦૧ | વર્ગ- ૧ | ૬ | | ----------- | |
| ૦૨ | વર્ગ- ૨ | ૭ | | ----------- | |
| ૦૩ | વર્ગ- ૩ | ૮ | | ----------- | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૯] અનુત્તરોપપાતિકદશા
## અંગસૂત્ર–૯– ગુજરાતી ભાવાનુવાદ

## વર્ગ-૧, અધ્યયન-૧ 'જાલી'

સૂત્ર–૧

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. આર્ય સુધર્માસ્વામી પધાર્યા, પર્ષદા નીકળી. યાવત્ જંબૂસ્વામી પર્યુપાસના કરતા કહે છે – ભંતે ! શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંત મહાવીરે આઠમાં અંગસૂત્ર અંતકૃદ્દશાનો આ અર્થ કહ્યો છે, તો નવમાં અંગસૂત્ર અનુત્તરોપપાતિકદશાનો યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ?

સુધર્માસ્વામીએ જંબૂ અણગારને કહ્યું– હે જંબૂ ! ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિકદશાના ત્રણ વર્ગો કહ્યા છે

ભંતે ! ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિકદશાના ત્રણ વર્ગો કહ્યા છે, તો ભંતે ! અનુત્તરોપપાતિકદશાના પહેલા વર્ગના કેટલા અધ્યયન કહ્યા છે?

જંબૂ ! પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ – જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિષેણ, દીર્ઘદંત, લષ્ટદંત, વેહલ્લ, વેહાયસ, અભયકુમાર.

ભંતે ! જો પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યા, તો પહેલા અધ્યયનનો ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે ઋદ્ધિવાળુ, નિર્ભય, સમૃદ્ધ નગર હતું, ગુણશીલ ચૈત્યહતું, શ્રેણિક રાજા હતા, ધારિણી રાણી હતા, કોઈ વખતે ધારિણીએ સ્વપ્નમાં સિંહ જોયો, સ્વપ્ન જોઇને જાગૃત થઇ યાવત પુત્રનો જન્મ થયો. તેનું જાલીકુમાર એવું નામ પાડ્યું. જાલિકુમારનું સર્વ વર્ણન મેઘકુમારની જેમ કહેવું.

આઠ કન્યા સાથે લગ્ન, આઠ–આઠનો દાયજો, યાવત્ જાલિકુમાર ઉપરના પ્રાસાદમાં વિચરે છે.

ભગવંત મહાવીર સ્વામી પધાર્યા, શ્રેણિક નીકળ્યો, મેઘકુમારની જેમ જાલિકુમાર પણ નીકળ્યો, તે રીતે જ દીક્ષા લીધી, ૧૧–અંગ ભણ્યો, ગુણરત્ન તપ કર્યુ, એ પ્રમાણે સ્કંદકની વક્તવ્યતા મુજબ જાણવુ. સ્કંદક જેવી જ વિચારણા કહેવી, ભગવંતને પૂછવું, સ્થવિરો સાથે વિપુલ પર્વતે ચડવું. વિશેષ એ કે જાલી અણગાર ૧૬ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને કાળ માસે કાળ કરીને, ચંદ્રાદિ વિમાન, સૌધર્મ–ઈશાન, યાવત્ આરણ–અચ્યુત કલ્પ, નવ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટથી પણ ઉપર દૂર જઈને વિજય નામક અનુત્તર વિમાને દેવપણે ઉત્પન્ન થયા.

ત્યારે તે સ્થવિરોએ જાલિ અણગારને કાલગત જાણી પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કરીને, પાત્ર–વસ્ત્ર ગ્રહણ કર્યા, તે જ પ્રમાણે નીચે ઊતર્યા યાવત્ આ તેમના ઉપકરણો એમ ભગવંતને કહ્યું.

ગૌતમસ્વામીએ પૂછ્યું – ભગવન્ ! આપના શિષ્ય જાલિ અણગાર, પ્રકૃતિ ભદ્રક હતા તે કાળ કરીને ક્યાં ગયા ? ક્યાં ઉપજ્યા ? હે ગૌતમ ! મારા શિષ્ય, સ્કંદકમુનિની માફક કાળ કરીને ચંદ્રાદિ વિમાનોથી ઊંચે યાવત્ વિજય વિમાને દેવપણે ઉપજ્યા.

ભગવન્ ! જાલિ દેવની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! ૩૨–સાગરોપમ.

ભંતે! તે દેવલોકથી આયુ આદિ ક્ષયથી ક્યાં જશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધિ પામશે.

હે જંબૂ! શ્રમણ ભગવંતે અનુત્તરોપપાતિકના પહેલા વર્ગના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## વર્ગ–૧, અધ્યયન–૨ થી ૮

સૂત્ર–૨

એ જ પ્રમાણે બાકીના નવે અધ્યયનો કહેવા. વિશેષ એ કે – નવ કુમારોમાં, મયાલી આદિ સાત ધારિણીના પુત્રો હતા અને વેહલ્લ–વેહાયસ, એ બંને ચેલ્લણાના પુત્રો હતા,

પહેલા પાંચનો પર્યાય–૧૬ વર્ષ, પછીના ત્રણનો બાર વર્ષનો, છેલ્લા બેનો પાંચ વર્ષ છે. પહેલા પાંચની ઉત્પત્તિ અનુક્રમે વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધમાં, દીર્ઘદંતની સર્વાર્થસિદ્ધમાં, બાકીના ચારની ઉલટા ક્રમથી જાણવી. બાકી બધું પહેલા અધ્યયન માફક કહેવું.

રાજગૃહે શ્રેણિક રાજા અને નંદા રાણીનો પુત્ર અભયકુમાર હતો, તેટલું વિશેષ. બાકી પૂર્વવત્.

હે જંબૂ ! ભગવંતે પહેલા વર્ગનો અર્થ આ પ્રમાણે કહેલો છે.

વર્ગ-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## વર્ગ–૨, અધ્યયન–૧ થી ૧૩

### સૂત્ર–૩ થી ૫

૩. ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિક દશાના પહેલા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો અનુત્તરોપપાતિક દશાના બીજા વર્ગનો ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! અનુત્તરોપપાતિક દશાના બીજા વર્ગના ૧૩–અધ્યયનો ભગવંતે કહ્યા છે. તે આ પ્રમાણે –

૪. દીર્ઘસેન, મહાસેન, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન.

૫. સિહ, સિહસેન, મહાસિહસેન, પુણ્યસેન. આ તેર અધ્યયનો કહ્યા છે.

### સૂત્ર–૬

ભંતે ! શ્રમણ યાવત્ સિદ્ધિ પ્રાપ્ત ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિકના બીજા વર્ગના ૧૩–અધ્યયનો કહ્યા છે, તો બીજા વર્ગના પહેલા અધ્યયનનો યાવત્ શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ! તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું, ગુણશીલ ચૈત્ય હતું, શ્રેણિક રાજા હતો, ધારિણી રાણી હતા. ધારિણી દેવીએ સ્વપ્નમાં સિંહ જોયો. જાલિકુમારની માફક જન્મ, બાલ્યાવસ્થામાં કળા શીખી. વિશેષ એ કે – તેનું નામ દીર્ઘસેન કુમાર રાખ્યુ. બાકી બધી વક્તવ્યતા જાલિકુમાર મુજબ કહેવી યાવત્ સર્વ દુખોનો અંત કરશે.

આ જ પ્રમાણે તેરે કુમારોના અધ્યયનો કહેવા. બધામાં શ્રેણિક પિતા, ધારિણી માતા અને તેરેનો ૧૬–વર્ષનો પર્યાય કહેવો. અનુક્રમે બે વિજય વિમાને, બે વૈજયંત વિમાને, બે જયંત વિમાને, બે અપરાજિતે અને બાકીના મહાદ્રુમસેન આદિ પાંચ સર્વાર્થસિદ્ધે ઉત્પન્ન થયા.

હે જંબૂ ! નિશ્ચે શ્રમણ ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિકદશાના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે. બંને વર્ગમાં માસિકી સંલેખના જાણવી.

વર્ગ-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## વર્ગ-૩

સૂત્ર-૭ થી ૯

૭. ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિક દશાના બીજા વર્ગનો આ અર્થ કહ્યો, તો ત્રીજા વર્ગનો ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! ભગવંતે ત્રીજા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે –

૮. ધન્ય, સુનક્ષત્ર, ઋષિદાસ, પેલ્લક, રામપુત્ર, ચંદ્ર, પૃષ્ઠિમ

૯. પેઢાલપુત્ર-અણગાર, પોટ્ટિલ અને વેહલ્લ. આ દશ અધ્યયનો કહ્યા છે.

## વર્ગ-૩, અધ્યયન-૧ 'ધન્ય'

સૂત્ર-૧૦

ભંતે ! જો ભગવંતે મહાવીરે અનુત્તરોપપાતિક દશાના ત્રીજા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે તો પહેલા અધ્યયનનો અર્થ શો છે ?

હે જંબૂ ! તે કાળે તે સમયે કાકંદી નામે ઋદ્ધ-નિર્ભય-સમૃદ્ધ નગરી હતી, સહસ્રામ્રવન નામે સર્વઋતુક ઉદ્યાન હતુ, જિતશત્રુ રાજા હતો. તે નગરીમાં ભદ્રા સાર્થવાહી રહેતી હતી, તેણી આઢ્યા યાવત્ અપરિભૂતા હતી.

તેણીને ધન્ય નામે પુત્ર હતો. તે પૂર્ણ પંચેન્દ્રિય યાવત સ્વરૂપવાન હતો, ક્ષીરધાત્રી આદિ પાંચ ધાત્રી વડે પરિગૃહીત હતો. ધન્યકુમારનું સર્વ વર્ણન મહાબલકુમારમાં કહ્યા મુજબ જાણવું. યાવત્ તે ૭૨-કલા ભણ્યો યાવત્ અનુક્રમે તે ભોગસમર્થ થયો.

ત્યારે ભદ્રાએ, તેને બાલભાવનો ત્યાગ કરીને અનુક્રમે ભોગ સમર્થ થયો જાણી, ૩૨-પ્રાસાદાવતંસક કરાવ્યા, જે અતિ ઊંચા હતા, યાવત્ તેની મધ્યે અનેકશત સ્તંભ સંનિવિષ્ટ ભવન હતું. ૩૨-શ્રેષ્ઠી કન્યા સાથે એક દિવસે ધન્યકુમારનું પાણીગ્રહણ કરાવ્યુ, ૩૨-દાયજા આપ્યા. યાવત્ ઉપરના પ્રાસાદે મૃદંગના સ્ફૂટ અવાજો સહિત યાવત્ (ભોગ ભોગવતો) વિચરે છે.

તે કાળે તે સમયે ભગવંત મહાવીર પધાર્યા, પર્ષદા નીકળી, કોણિક રાજાની માફક જિતશત્રુ રાજા નીકળ્યો, ત્યારે તે ધન્યએ, મોટા અવાજથી ભગવંતના આગમનના સમાચાર જાણ્યા. જમાલીકુમારની માફક ધન્યકુમાર પણ નીકળ્યો. વિશેષ એ કે- તે પગે ચાલીને જાય છે. તેણે ધર્મકથા સાંભળી યાવત હું મારી માતા ભદ્રાને પૂછીને પછી આપ દેવાનુપ્રિય પાસે દીક્ષા લેવા ઈચ્છું છું.

ધન્યકુમાર યાવત્ જમાલીની માફક પોતાની માતાને પૂછ્યું, માતા ભદ્રા મૂર્ચ્છા પામી, સાવધાન થતા મહાબલ માફક સંવાદ થયો. યુક્તિ-પ્રયુક્તિ દ્વારા, યાવત્ માતા સમજાવવા સમર્થ ન થઈ, ત્યારે થાવચ્ચાપુત્રની માતા માફક જિતશત્રુ રાજાને છત્ર-ચામરાદિ માટે પૂછ્યું, જેમ કૃષ્ણે થાચવચ્ચાપુત્રનો નિષ્ક્રમણ ઉત્સવ કરેલો તેમ સ્વયં જિતશત્રુરાજાએ ધન્યકુમારનો નિષ્ક્રમણ ઉત્સવ કર્યો, , યાવત્ ધન્ક્કુમારે દીક્ષા લીધી. તેઓ ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચારી અણગાર થયા.

ત્યારપછી ધન્ય અણગાર, જે દિવસે મુંડ થઈ યાવત્ દીક્ષા લીધી, તે દિવસે જ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને કહ્યું – ભંતે ! હું આપની અનુજ્ઞા પામી યાવજ્જીવ નિરંતર છઠ્ઠના પારણેછઠ્ઠ અને પારણે આયંબિલ તપ વડે આત્માને ભાવિત કરતા વિચરવા ઇચ્છુ છું. છઠ્ઠના પારણે પણ મારે શુદ્ધોદનાદિ આયંબિલ કરવું કલ્પે, અનાયંબિલ નહીં. તે પણ સંસૃષ્ટ(ભોજન વડે લિપ્ત હાથ વડે અપાય તે), અસંસૃષ્ટ નહીં, તે પણ ઉજ્ઝિત ધર્મવાળુ, (પ્રત્યેક સભ્યના જમ્યા પછી વધેલો, નાંખી દેવા જેવો આહાર)અનુજ્ઝિત ધર્મવાળુ નહીં, તે પણ બીજા ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપક ન ઇચ્છતા હોય તેવો તુચ્છ આહાર મને લેવો કલ્પે.

દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર.

ત્યારે ધન્ય અણગારે ભગવંત મહાવીરની અનુજ્ઞા પામી, હર્ષિત થયો, સંતુષ્ટ થયો યાવત છઠ્ઠ તપ વડે આત્માને ભાવતા વિચરવા લાગ્યા.

પછી તે ધન્ય મુનિ પહેલા છઠ્ઠના પારણે, પહેલી પોરિસીમાં સજ્ઝાય કરે છે, યાવત ગૌતમસ્વામીવત્ જ પૂછે છે, યાવત્ કાકંદી નગરીમાં આવીને, ઉચ્ચ–નીચ–મધ્યમ ઘરોમાં યાવત્ આયંબિલ માટે લુખો સુકો અને જેને અન્ય કોઈ લેવા ન ઈચ્છે તેવો આહાર લેવા પરિભ્રમણ કરે છે.

ત્યારે તે ધન્યમુનિ પોતાના ઉદ્યમવાળી, ઉત્કૃષ્ટ યત્નવાળી પ્રદત્ત પ્રગૃહીત એષણા વડે ભોજન મળે તો પાણી નહીં, પાણી મળે તો ભોજન નહીં. ત્યારે પણ તે ધન્યમુનિ દીન નહી થતા, ઉદાસ નહી થતા, અકલુષપણે, વિષાદ રહિત, વિમનસ્કતા અને આકુળ–વ્યાકુળતા રહિત, નિરંતર સમાધિમાં લીન રહેતા, તે અણગાર પ્રાપ્ત યોગમાં યાતના કરનાર, અપ્રાપ્ત યોગ માટે ઉદ્યમ કરનાર, કાકંદી નગરીથી નીકળ્યા, ગૌતમસ્વામીવત્ આહાર દેખાડ્યો. પછી ભગવંતની અનુજ્ઞા પામી અમૂર્ચ્છિત યાવત્ અનાસક્ત થઈ, બિલમાં પ્રવેશતા સર્પની માફક પોતે આહાર કરી, સંયમ અને તપથી યાવત્ વિચરે છે.

ભગવંત કોઈ દિવસે કાકંદી નગરીના સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે. તે ધન્ય મુનિ ભગવંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકથી લઈ અગિયાર અંગો ભણ્યા, સંયમ–તપથી આત્માને ભાવતા વિચરે છે, પછી ધન્યમુનિ તે ઉદાર તપથી સ્કંદક માફક યાવત્ થઈ ગયા.

તે ધન્ય મુનિના પગનું આવા પ્રકારે તપ–રૂપ–લાવણ્ય થયું, જેમ સૂકી છાલ, કાષ્ઠ પાદુકા, જૂના જુતા હોય, તેવા ધન્ય મુનિના પગ સૂકા, માંસરહિત, ચામડી–નસોથી યુક્ત માત્ર હાડકાથી જ પગ છે તેમ જણાતુ હતું, માંસ–લોહીથી નહીં. ધન્ય મુનિના પગની આંગળી આવી સુંદર હતી, જેમ તુવેર–મગ–અડદની કોમળ શીંગને છેદીને તડકો દેવાથી શુષ્ક, કરમાયેલી હોય, તેમ ધન્યના પગની આંગળીઓ હતી.

ધન્યની જંઘાનું સૌંદર્ય આવું હતું. જેમ કાક–કંક કે ઢેણિકાલિકની જંઘા હોય, ધન્યના જાનૂ આવા પ્રકારે હતા – કાલિ–મયુર કે ઢેલિકાપર્વ હોય, ધન્યના સાથળનું સૌંદર્ય જેમ શામ, બોરી, શલ્લકી, શાલ્મલી વૃક્ષના છોડવા જે કોમળ હોય, તડકો દીધેલ હોય યાવત્ શુષ્ક થયેલ હોય, એવા ધન્યના પગ હતા.

ધન્યમુનિનું કેડરૂપ પત્ર આવા સ્વરૂપનું હતુ. જેમ ઉંટ–જરગ–આદિના પગ હોય, ધન્યનું ઉદર રૂપ ભાજન આવુ હતું – જેમ શુષ્ક મસક, ભુંજવાની ઠીબ, કાષ્ઠ કથરોટની જેમ ઉદર શુષ્ક હતું. ધન્યનું પાંસળીરૂપ કટક આવું હતું – જેમ સ્થાસક, પાનક, મુંડની શ્રેણિ જેવું હતું. ધન્યની પૃષ્ઠ કરંડક કર્ણ–ગોલ–વર્તકશ્રેણી જેવું હતું. ધન્યની છાતીરૂપ કટક – ચિત્તતૃણની સાદડી, વ્યંજન પત્ર, તાલવૃંત્ત જેવું હતું.

ધન્યની બાહા શમી–વાહા–અગસ્તિની શીંગ જેવી હતી. ધન્યના હાથ સૂકુ છાણું, વડ પત્ર, પલાશપત્ર જેવા હતા. ધન્યના હાથની આંગળી વટાણા–મગ–અડદની શીંગ, જે કોમળ હોય ત્યારે છેદીને તડકો દેવાથી સૂકી થયેલી હોય તેવી હતી. ધન્યની ડોક, ઘડા–કુંડિકા–ઉચ્ચ સ્થાપકની ગ્રીવા જેવી હતી. ધન્યની દાઢી, તુંબડા કે હકુવાના ફળ કે આંબાની ગોઠલી જેવી હતી. ધન્યના હોઠ, જેમ સૂકી જળો, શ્લેષ્મ ગોળી, લાખની ગોળીના જેવા હતા. ધન્યની જીભ, વડ–પલાશ કે શાકપત્ર જેવી હતી. ધન્યનું નાક, આમ્ર, અંબાડક, બીજોરુની સૂકી પેશી જેવું હતું.

ધન્યની આંખ, વીણા કે બદ્ધીસકના છિદ્ર કે પ્રભાતકાળના તારા જેવી હતી. ધન્યના કાન, મૂળા–ચીભડા–કારેલાની છાલ જેવા હતા. ધન્યનું મસ્તક, કોમળ તુંબડુ કે આલુક, સેફાલ જેવું કોમળ હોય અને તડકે સૂકવ્યું હોય તેવું હતું. ધન્યમુનિનું શીર્ષ શુષ્ક, રુક્ષ, નિર્માંસ, માત્ર અસ્થિ, ચર્મ–નાડીથી ઓળખાતું હતું, માંસ–લોહીથી નહીં. આ પ્રમાણે દરેક અંગના વર્ણનમાં જાણવું. વિશેષ એ – ઉદર, કર્ણ, જીભ, હોઠના વર્ણનમાં ‘અસ્થિ’ શબ્દ ન કહેવો, પણ માત્ર ચામડી અને નસો વડે જણાય છે, તેમ કહેવું. (આ પ્રમાણે ધન્ય મુનિના શરીરનું સૌંદર્ય કેવું થયું હતું તે કહ્યું.)

ધન્યમુનિના પગ–જંઘા–ઉરુ શુષ્ક અને રુક્ષ હતા, તેની કેડરૂપી કટાહ માંસ ન હોવાથી ઉંચા, બહાર

નીકળતા હતા. પડખાનો ભાગ ઊંચો, ઉદરરૂપી ભાજન પીઠને અડી ગયેલ, પાંસળીરૂપ કડા દેખાતા હતા, અક્ષસૂત્ર માળાની જેમ ગણી શકાય તેવી પૃષ્ઠ કરંડક સંધિ, ગંગાના તરંગરૂપ ઉદરરૂપ કટકનો વિભાગ, બાહુ સૂકા સર્પ જેવી, શિથીલ ચોકડાની જેમ લબડતા અગ્ર હસ્ત, કંપવાતીની જેમ કંપતી મસ્તક રૂપ ઘડી, કરમાયેલ મુખકમળ, ઉદ્‌ભટ ઘડા જેવું મુખ, બૂડેલા નયનરૂપ કોશ હતા. આત્મવીર્ય વડે જ ચાલતા કે ઊભતા હતા, ભાષા બોલું એમ વિચારતા થાકી જતા હતા. કોલસાની ભરેલી ગાડીની જેમ, સ્કંદક મુનિ માફક જાણવું યાવત્ રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ તપ–તેજ વડે અને તપ–તેજ લક્ષ્મીથી શોભતા હતા.

**સૂત્ર–૧૧, ૧૨**

૧૧. તે કાળે તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા હતા. તે કાળે તે સમયે ભગવંત મહાવીર પધાર્યા, પર્ષદા નીકળી. શ્રેણિક નીકળ્યો. ધર્મકથા કહી, પર્ષદા પાછી ગઈ. ત્યારે શ્રેણિકે ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજીને ભગવંતને વંદન–નમન કર્યા. પછી પૂછ્યું – હે ભગવન્ ! આ ઈન્દ્રભૂતિ આદિ ૧૪,૦૦૦ શ્રમણોમાં કયા અણગાર મહા દુષ્કરકારક અને મહાનિર્જરાતરક છે ?

હે શ્રેણિક ! તેઓમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાતરક છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? ધન્ય અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાતરક છે ?

હે શ્રેણિક ! તે કાળે, તે સમયે કાકંદી નગરી હતી, યાવત્ ઉપરી પ્રાસાદે ધન્ય વિચરતો હતો. ત્યારે કોઈ દિવસે હું પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ ચાલતા, કાકંદી નગરીએ સહસ્રામ્રવન ઉદ્યાને આવ્યો. યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કર્યો. યાવત્ આત્માને સંયમથી ભાવિત કરતો વિચરતો હતો. પર્ષદા નીકળી યાવત્ ધન્યએ દીક્ષા લીધી ઈત્યાદિ બધુ પૂર્વવત્ કહેવું. ધન્યમુનિના શરીરનું વર્ણન કરવું યાવત્ તે આવા શોભી રહ્યા છે. તેથી હે શ્રેણિક ! તેને યાવત્ મહાદુષ્કરકારી કહ્યા.

ત્યારે શ્રેણિક રાજા, ભગવંત પાસે આ અર્થ સાંભળી, સમજી, હર્ષિત થઈ, ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી, વાંદી–નમીને ધન્યમુનિ પાસે આવ્યો, આવીને **ધન્યને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વાંદી–નમીને કહ્યું – આપને ધન્ય છે, આપ સુપુણ્ય, સુકૃતાર્થ અને કૃતલક્ષણ છો, જન્મ અને જીવનનું ફળ આપે પ્રાપ્ત કર્યું છે.** એમ કહી વાંદી–નમી, ભગવંત પાસે આવી, ભગવંતને ત્રણ વખત વંદન–નમન કરીને, જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા.

(૧૨) ત્યારપછી તે ધન્યમુનિને કોઈ દિવસે મધ્યરાત્રિમાં ધર્મજાગરિકા કરતા આવા પ્રકારનો મનોગત સંકલ્પ થયો કે હું આ ઉદાર તપથી કૃશ થયો છું, ઈત્યાદિ સ્કંદકની જેમ જાણવું, તો ભગવંતને પૂછીને યાવત્ સ્થવિરો સાથે વિપુલ પર્વતે ચડ્યા. માસિકી સંલેખના કરી, નવમાસનો સંયમ પર્યાય પાળ્યો યાવત્ કાળમાસે કાળ કરી, ઉપર ચંદ્રાદિથી ઊંચે, નવ ગ્રૈવેયકથી પણ ઘણે ઊંચે જઈને સર્વાર્થસિદ્ધ વિમાને દેવપણે ઉત્પન્ન થયા. તે રીતે જ સ્થવિરો ઊતર્યા યાવત્ ભગવંતને કહ્યું કે આ તે ધન્ય અણ ગારના ઉપકરણાદિ છે.

ગૌતમસ્વામીનો પ્રશ્ન, ભગવંતનો ઉત્તર–સ્કંદકની જેમ સર્વાર્થસિદ્ધ વિમાને ઉપજ્યા.

ધન્યદેવની કાલસ્થિતિ ૩૩–સાગરોપમ. તે દેવલોકથી ચ્યવીને મહાવિદેહે ઉત્પન્ન થઈ મોક્ષે જશે.

હે જંબૂ! શ્રમણ ભગવંતે પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## વર્ગ–૩, અધ્યયન–૨ થી ૧૦

**સૂત્ર–૧૩**

હે જંબૂ! તે કાળે, તે સમયે કાકંદી નગરીમાં ભદ્રા નામે આઢ્યા સાર્થવાહી રહેતી હતી. તેણીને સુનક્ષત્ર નામે પૂર્ણ પંચેન્દ્રિય યાવત્ સુરૂપ, પાંચ ધાત્રીથી પાલન કરાતો, ધન્ય જેવો પુત્ર હતો. તેની જેમજ ૩૨–કન્યા સાથે લગ્ન યાવત્ ઉપરી પ્રાસાદમાં વિચરે છે.

તે કાળે તે સમયે ભગવંત મહાવીરનું સમોસરણ થયું., ધન્યની માફક સુનક્ષત્ર નીકળ્યો. થાવચ્ચાપુત્રની જેમ દીક્ષા યાવત્ ઈર્યાસમિતાદિ યુક્ત અણગાર થયો.

ત્યારે સુનક્ષત્ર અણગારે, દીક્ષાના દિવસથી જ ભગવંત મહાવીર પાસે ધન્ય માફક અભિગ્રહ લીધો યાવત્ – સંયમથી આત્માને ભાવિત કરતા વિચરે છે. બાહ્ય જનપદમાં વિચર્યા, ૧૧–અંગો ભણ્યા. પછી સુનક્ષત્ર મુનિ ઉદાર તપથી સ્કંદકની જેમ શરીરથી કૃશ ઈત્યાદિ થઇ ગયા. તે કાળે તે સમયે રાજગૃહના ગુણશીલ ચૈત્યે સ્વામી પધાર્યા. પર્ષદા નીકળી, રાજા નીકળ્યો, ધર્મકથા કહી, રાજા પાછો ગયો, પર્ષદા પાછી ગઈ.

કોઈ દિવસે મધ્યરાત્રિ કાળે ધર્મજાગરિકા કરતા સ્કંદકની જેમ વિચાર આવ્યો. યાવત્ સુનક્ષત્ર મુનિનો ઘણા વર્ષનો પર્યાય થયો. ગૌતમસ્વામીની પૃચ્છા યાવત્ સર્વાર્થસિદ્ધે દેવ, ૩૩–સાગરોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષે જશે.

આ રીતે બીજા આઠે કુમારોને કહેવા. વિશેષ એ કે – ક્રમથી – બે રાજગૃહે, બે સાકેતે, બે વાણિજ્ય ગ્રામે, નવમો હસ્તિનાપુરે, દશમે રાજગૃહે હતો, નવેની માતાનું નામ ભદ્રા હતું, નવેના ૩૨–કન્યા સાથે લગ્ન થયા, થાવચ્ચાપુત્રની જેમ નવેની દીક્ષાનો મહોત્સવ થયો. દશમાં વેહલ્લનો મહોત્સવ તેના પિતાએ કર્યો. વેહલ્લનો ચારિત્રપર્યાય છ માસ, ધન્યનો નવમાસ, બાકીનાનો ઘણા વર્ષોનો દીક્ષાપર્યાય હતો.

હે જંબૂ ! આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, લોકનાથ, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભયદય, શરણ–ચક્ષુ–માર્ગ–ધર્મદય, ધર્મદેશક, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન–દર્શનધારક, જિન–જાપક, બુદ્ધ–બોધક, મુક્ત–મોચક, તીર્ણ–તારક ઇત્યાદિ વિશેષણયુક્ત ભગવંત મહાવીરે અનુત્તરોપપાતિકના ત્રીજા વર્ગનો આ અર્થ કહ્યો છે.

વર્ગ-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## અનુત્તરોપપાતિકદશાનો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [3] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– **1. www.jainelibrary.org** **2. deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India. [Pin- 36**1120**]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૯

# અનુત્તરોપપાતિકદશા

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397